# <u>નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર</u>

## જાહેરાત ક્રમાંક - DSCW/2012/1, કચેરી અધિક્ષક સંવર્ગ સબંધમાં અગત્યની સુચના

સીધી ભરતી પસંદગી સમિતી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા.૧૪/૯/૨૦૧૨ ના રોજ વર્તમાન પત્રોમાં કચેરી અધિક્ષક સંવર્ગની ૧૪ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ઓનલાઇન અરજીઓ મેળવવા જાહેરાત પ્રસિધ્ધ કરેલ હતી.

તે સંદર્ભમાં તા.૨૦/૯/૨૦૧૨ થી તા.૧૦/૧૦/૨૦૧૨ દરમિયાન OJAS (ઓજશ) મારફત ઓનલાઇન અરજીઓ મેળવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૯/૨૦૧૨ ના જાહેરનામાથી મહત્તમ વય-મર્યાદા ૨૮ થી ૩૦ કરેલ હોઇ સદર વયમર્યાદાના કારણે ઉપરની તારીખોએ અરજી કરવાથી વંચિત રહેલ ઉમેદવારો પાસેથી તા.૩૦/૧૨/૨૦૧૨ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરી તા.૧/૧/૨૦૧૩ થી તા.૭/૧/૨૦૧૩ દરમિયાન OJAS (ઓજશ) મારફત ઓનલાઇન અરજીઓ મેળવેલ છે.

તે અન્વયે ઉમેદવારો પસંદ કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવાની કામગીરી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તે અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૩/૦૭/૨૦૧૬ ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૧૩-૩૦ કલાક દરમિયાન અમદાવાદ તથા ગાંધીનગર જીલ્લાના કેન્દ્રો પર યોજાશે.

આ પરીક્ષા સંદર્ભે કોલ લેટર બાબતની તેમજ અન્ય બાબતોની માહિતી માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની વેબસાઇટ જોવા વિનંતી છે.